**નોવેલ કોરોના: COVID-19 ના કારણે લોકડાઉન સમયગાળા દરમિયાન ફીક્સ પગારના કર્મચારીઓને પૂરા વેતનની ચુકવણી કરવા બાબત**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૨૦-ઝ૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૦/૦૩/૨૦૨૦

**<u>આમુખ:</u>**

નોવેલ કોરોના: COVID-19ના કારણે લોકડાઉનના સમયગાળા દરમિયાન મહેકમ (સ્ટાફ) ને Social Distancing, Isolation ના ભાગરૂપે વર્ક ફ્રોમ હોમ ( ઘરેથી કામ ) ની સૂચના છે. આ સમયગાળા દરમિયાન તેઓને ફરજ પર હાજર ગણી મળવાપાત્ર પગાર ભથ્થાની ચૂકવણી કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠ રા વ:</u>**

રાજય સરકાર દ્વારા કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે નોવલ કોરાના વાઈરસ : Covid-19ના સંક્રમણને નિયંત્રણમાં લાવવાના ભાગરૂપે રાજ્ય સરકારની નાણાં વિભાગની તા. ૧૬-૨-૨૦૦૬ ની ફીક્સ પગારની નીતિ અન્વયે નિમણૂક પામેલ ફીક્સ પગારના કર્મચારીઓને Social Distancing, Isolation ના ભાગરૂપે જો વર્ક ફ્રોમ હોમ ( ઘરેથી કામ ) ની સૂચના હશે તો તે સમયગાળા દરમિયાન તેઓને ફરજ પર હાજર ગણવાના રહેશે અને તેઓને મળવાપાત્ર જરૂરી પગાર ભથ્થાની ચૂકવણી કરવાની રહેશે.

ઉક્ત સમયગાળામાં આ ફીકસ પગારના કર્મચારીઓને જો જરૂર જણાય તો તેઓના નિયતકામ માટે અથવા સોંપવામાં આવેલ અન્ય કામગીરી માટે સરકારશ્રી તરફથી જયારે પણ બોલાવવામાં આવે ત્યારે તેઓએ ફરજ પર હાજર થવાનું રહેશે. જો ફીકસ પગારના કર્મચારીને ફરજ પર હાજર થવા જણાવવામાં આવેલ હોવા છતાં તેઓ ફરજ પર ન આવે તો ઉપર્યુકત લોકડાઉનના સમગ્ર સમયગાળા માટે તેઓની ગેરહાજરી ગણીને પગાર ભથ્થા ચૂકવવામાં આવશે નહિ. આ પ્રકારની વ્યવસ્થા ફકત લોકડાઉનના સમયગાળા માટે જ રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે.પી.પટેલ)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રી ગુજરાત વિધાનસભા, સચિવાલય ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ.

Processed by FREE version of
Jet Scanner Lite